# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૩
# (તારીખઃ ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૩, તારીખઃ ૧૮/૦૯/૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૩ઃ૩૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)
૨) શ્રી હેમલભાઇ પટેલ
૩) ડૉ. નમ્રતા કોલા
૪) ડૉ. યજ્ઞેશ એમ. દલવાડી
૫) ડૉ. જયોતિબેન એમ. દિવેચા
૬) ડૉ. દિલીપભાઇ સી. ચૌધરી
૭) ડૉ. મહેશકુમાર આર. સોલંકી
૮) શ્રી મનીષભાઇ એસ. પટેલ
૯) ડૉ. દેવાંગ જોષી
૧૦) શ્રી સોનલબેન એમ. પટેલ
૧૧) કુલસચિવશ્રી

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

(૧) માનનીય કુલપતિશ્રીએ બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યોને આવકારવામાં આવ્યા અને ''બોર્ડ ઓફ મેનેજમેન્ટ''ના નવ નિયુકત સર્વે સભ્યોએ પોત-પોતનો પરિચય આપ્યો અને માનનીય કુલપતિશ્રીએ સર્વેને ''ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એકટ -૨૦૨૩'' અને ''ધ ગુજરાત યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટ-૨૦૨૪'' વિષે માહિતગાર કરવામાં આવ્યા તથા એકટ અને સ્ટેચ્યુટની કોપી સર્વે સભ્યોને આપવામાં આવી.

**(સિન્ડિકેટ વિભાગ)**

**૧. તારીખઃ ૨૮-૦૭-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબરઃ ૧૨ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૨૮-૦૭-૨૦૨૬ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(બિડાણઃ ૧ પૃ. ૧ થી ૫)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૨૮-૦૭-૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા:૧૨માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૮/૦૭/૨૦૦૨૬ને મંગળવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૧૨ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨. તારીખઃ **૦૯/૦૯/૨૦૨૬ને બુધવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભા:૨૪** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૯/૦૯/૨૦૨૬ને બુધવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૨૪ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

માનનીય સદસ્યશ્રી ડૉ. દેવાંગ જોષી દ્વારા નીચે મુજબના સૂચનો કરવામાં આવ્યા.

(૧) યુનિવર્સિટીની શૈક્ષણિક અને વહિવટી કામગીરી સરળ, સુચારૂ, પારદર્શક રહે તે હેતુથી યુનિવર્સિટીના વિવિધ સેલ/કમિટીની કામગીરીનું સમિક્ષા મૂલ્યાંકન વિવિધ સત્તામંડળોએ સમયાંતરે કરવાની રજૂઆત કરી.

(૨) ચરોતર વિસ્તારમાં આવેલ વિવિધ સરકારી/પ્રાઈવેટ યુનિવર્સિટીના સત્તાધીશોની એક બેઠકનું આયોજન કરી શિક્ષણ/વહીવટને લગતી બેસ્ટ પ્રેક્ટીસીઝ તેમજ જરૂર રીસર્ચ અને ઇનોવેશન પ્રોત્સાહન મળે તે હેતુથી પરસ્પર સહકાર મળી રહે અને ભૌતિક સુવિધા/માનવબળનો પરસ્પર ઉપયોગ થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તે દિશામાં પ્રયત્ન કરવા સૂચવામાં આવ્યું.

ઉપરોક્ત બાબતે સભામાં ચર્ચા વિચારણા કરીને સભ્યો દ્વારા ઉકત બાબતે જરૂરી કાર્યવાહી કરવા ઠરાવામાં આવ્યું.

કુલસચિવ

નંબરઃ કે.૧/૪૩૨૨
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૧/૦૯/૨૦૨૬

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.